વિધા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

PANCHSHIL

અંક : 122 | વર્ષ : 13 | જાન્યુઆરી : 2024 | પેઇજ : 14
સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા

શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011
web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in

એક બગીચામાં જુદા જુદા વૃક્ષો ઉપર જાત જાતના પક્ષીઓ રહે છે. એક ઝાડ પર એક પોપટનું કુટુંબ અને એક કાગડાનું કુટુંબ રહે છે. એમના બચ્ચાંઓ સાથે સાથે જ મોટા થયા છે. તેઓ ત્યાં જ મોટા થઈને યુવાન બની ગયા. એક દિવસ પોપટે એની માને કહ્યું કે તે નજીકમાં આવેલા જંગલમાં કમાવા જવા માંગે છે. માને ચિંતા તો થઇ પણ એણે પોપટને જંગલમાં જવા રજા આપી અને થોડા દિવસોમાં જ પાછા આવી જવા કહ્યું.

પોપટ જંગલમાં જઈને એક તળાવ કિનારે આંબાના ઝાડ પર રહેવા લાગ્યો. એ ત્યાં મઝાથી બેસતો, ઝુલા ઝુલતો અને કેરીઓ ખાતો. એક દિવસ એણે એના ગામના એક ભરવાડને જોયો એટલે એણે એની માને સંદેશ આપવા વિચાર્યું. એણે ખુબ જ નમ્રતાથી ભરવાડને વિનંતી કરી અને ગાવા લાગ્યોઃ

ભાઈ ગાયના ગોવાળ, ભાઈ ગાયના ગોવાળ,
મારી માને એટલું કહેજે, મારી માને તેટલું કહેજે,
પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી,
પોપટ આંબાની ડાળ, પોપટ સરોવરની પાળ
બેસી મઝા કર્રે.

ભરવાડે એની ખાતરી આપી કે તે ગામમાં જઈને એની માને એનો સંદેશ આપશે.
પોપટ થોડા દિવસ જંગલમાં રહીને કેરીઓ અને મીઠાં ફળો લઈને ઘરે આવ્યો. તે ગાવા લાગ્યોઃ

ઢોલિયા ઢળાવો,
પાથરણાં પાથરવો,
પોપટભાઈ કમાઈને આવ્યા,
પોપટભાઈ કેરીઓ લાવ્યા,
પોપટભાઈ મીઠાં ફળો લઇ આવ્યા.

એણે એની પાંખો ખોલી અને એમાંથી કેરીઓ અને મીઠાં ફળો બહાર કાઢ્યાં. પોપટભાઈની પ્રગતિ જોઈને ઝાડ પર રહેતાં બીજા પક્ષીઓ બહુ ખુશ થયાં.

આ જોઈને કાગડાના કુટુંબે પણ કાગડાભાઈને જંગલમાં જઈને કાંઈક કમાઈ લાવવા કહ્યું. કાગડો આળસુ હતો એટલે એ જંગલમાં નહોતો જવા માંગતો. એની માએ એને પરાણે ધકેલ્યો એટલે એણે રડારડ કરી મૂકી અને દુઃખી થઈને ગયો. એ કાદવ કીચડ વાળી ગંદી જગ્યાએ જઈને બેઠો. એ ગંદકી અને જીવડાં ખાવા લાગ્યો. એણે જયારે એના ગામના ભરવાડને જોયો ત્યારે એની સામે બૂમો પાડીને હુકમ આપતો હોય એમ બોલ્યોઃ

એ ગોવાળિયા, એ ગોવાળિયા,
મારી માને જઈને એટલું કહેજે તેટલું કહેજે
કે કાગડો ભૂખ્યો નથી, કાગડો તરસ્યો નથી,
કાગડો કાદવમાં મઝા કરે, કાગડો ગંદકીમાં મઝા કર્રે.

ભરવાડ કાગડાની ઉદ્ધતાઈ જોઈને ગુસ્સે થઇ ગયો. એણે કાગડાનો સંદેશ લઇ જવાની ના પાડી દીધી.
થોડા દિવસ બાદ કાગડો કાદવ-કીચડ અને ગંદકી લઈને ઘરે આવ્યો. ઘરે આવીને એ બૂમો પાડવા લાગ્યોઃ

ઢોલિયા ઢળાવો,
પાથરણાં પથરાવો,
કાગડાભાઈ કમાઈને આવ્યા,
કાગડાભાઈ કાદવ-કીચડ લઈ આવ્યા.

ઝાડ પર રહેતાં પક્ષીઓ કાગડા ઉપર ખુબ જ ગુસ્સે થઈ ગયા અને કાગડાને ઝાડ પરથી ભગાડી મુક્યો.

આપણે પોપટની જેમ સારા અને નમ્ર બનીએ તો લોકો આપણને પ્રેમ કરશે. પરંતુ` આપણે કાગડાની જેમ ઉદ્ધત બનીએ તો લોકો આપણને પ્રેમ નહિ કરે.

આ મ્યુઝિયમ કેવાં અજબગજબ

રાજકોટનું અનોખું ડોલ્સ મ્યુઝિયમ

રાજકોટ શહેરમાં યાજ્ઞિક રોડ સ્થિત ‘રોટરી ડોલ્સ મ્યુઝિયમ’ એ ગુજરાતનું ગૌરવ છે, જ્યાં દુનિયાના વિવિધ દેશોની આશરે ૧૭૦૦ જેટલી ઢીંગલીઓ જોવા મળે છે. આ મ્યુઝિયમને ‘લિમ્કા બુક ઓફ રેકોર્ડ્ઝ’ માં સ્થાન પણ મળ્યું છે. અહીં દરેક દેશની ઢીંગલીઓ દ્વારા એ દેશની ભૌગોલિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, રહેણી-કરણી, પહેરવેશ અને અન્ય વિશેષતાનો પરિચય થાય છે. એક ખાસ વાત એ પણ છે કે આ મ્યુઝિયમની દરેક ઢીંગલીઓ દેશ દુનિયાથી મ્યુઝિયમને ગિફ્ટ કરવામાં આવેલી છે. એ વિશેષતા એ પણ છે કે તેને કોઈ રાજા કે સરકારે નથી બનાવ્યું, પરંતુ આપણા જેવા સામાન્ય માણસે બનાવ્યું છે.

3D વર્લ્ડ ટ્રીક આર્ટ મ્યુઝિયમ, દુબઈ

આ મ્યુઝિયમ દુનિયાનું સૌથી મોટું 3D આર્ટ મ્યુઝિયમ છે. અહીં લાઈવ ઓપ્ટિકલ ઈલ્યુઝન સાથે 3D નો અનુભવ કરી શકાય છે. ડાયનાસોર અને અન્ય પ્રાણીઓ સિવાય અન્ય પણ ઘણાબધા રસપ્રદ 3D ઈલ્યુઝન અહીં બનાવવામાં આવ્યા છે, જે એકદમ ઓરિજિનલ લાગે છે. અહીં મુલાકાતે આવતા લોકોને તેઓ એક અલગ જ દુનિયામાં પ્રવેશી ગયા હોય એવું લાગે છે.

કપ નૂડલ્સ મ્યુઝિયમ, જાપાન

આ મ્યુઝિયમ દુનિયાના પ્રથમ ઈન્સટન્ટ નૂડલ્સનો આવિષ્કાર કરનાર ‘મોમોફુકુ એંડો’ ને સમર્પિત કરવામાં આવ્યું છે. જાપાનમાં નૂડલ્સને વધુ પસંદ કરવામાં આવે છે. ત્યાંના લોકોના નૂડલ્સ પ્રેમ માટે આ કપ નૂડલ્સ મ્યુઝિયમને બનાવવામાં આવ્યું છે. અહીં એક ઈન્સ્ટન્ટ નૂડલ્સ ટનલ છે, જ્યાં લોકો નૂડલ્સ બનાવીને ખાઈ પણ શકે છે.

ડેઝર્ટ મ્યુઝિયમ, ફિલિપાઇન્સ

આ દુનિયાનું પહેલું ડેઝર્ટ (મીઠાઇ) મ્યુઝિયમ છે. આ ડેઝર્ટ મ્યુઝિયમમાં મન લલચાવતાં ૧૨ રૂમ બનાવવામાં આવ્યા છે. કેન્ડી રૂમ, ડોનટ રૂમ, માર્શમેલો રૂમ, આઇસ્ક્રીમ રૂમ, કોટન કેન્ડી રૂમ આવા બધા સુંદર મજાના રૂમ છે. એ સિવાય થીમ પાર્ક અને કેન્ડી શોપ પણ છે.

ચંદ્ર ઉપરના દિવસ-રાત

પૃથ્વી પોતાની ધરી પર ફરે છે એટલે તેની સપાટી સૂર્ય સામેથી પસાર થાય તે ભાગ ઉપર દિવસ હોય છે. અને પાછળના ભાગે રાત હોય છે. દરેક ગ્રહો ધરી પર ફરતાં હોવાથી દિવસ રાત હોય છે. પૃથ્વી પર આપણા ૧૨ કલાકની રાત હોય છે. પણ જુદા જુદા ગ્રહો પર આ સમયગાળો જુદો છે.

ચંદ્ર પૃથ્વીનો ઉપગ્રહ છે તે પૃથ્વીના પ્રદક્ષિણા કરતાં કરતાં એની સાથે સૂર્યની પ્રદક્ષિણા પણ કરે છે.

બાગબગીચામાં ફૂંવારા રાખવાનું વિજ્ઞાન

ફૂંવારા એ બગીચાની શોભા છે. જાત જાતના આકારના અને કરામતોવાળા ફૂંવારામાંથી પાણીની છોળો ઊંચે સુધી જઇ નીચે પછડાય એ દશ્ય સુંદર હોય છે. કેટલાક બગીચા અને પાર્ક તો તેના ફૂંવારા માટે પ્રસિધ્ધ થયા છે.

બગીચામાં ફુવારા એ માત્ર આકર્ષણ માટે નથી પણ તેનો મુખ્ય હેતુ હવા શુધ્ધ કરવાનો છે. વાતાવરણમાં રહેલા કાર્બન ડાયોક્સાઇડ અને કાર્બન મોનોક્સાઇડ પ્રદૂષણ સમાન છે. આ બંને વાયુઓ પાણીમાં ઓગળી જાય છે. સતત ઉડતા ફુવારા વાતાવરણમાંથી કાર્બનડાયોક્સાઇડ ઓછો કરવામાં મદદરૂપ થાય છે. આ કારણથી જ બગીચાની હવાં તાજગી ભરેલી હોય છે. અને વાતાવરણ ખુશનૂમા હોય છે. ઘણા શહેરોમાં પ્રદૂષણ ઓછુ કરતા રસ્તા પર પાણી છાંટવાની પરંપરા છે.

પર્યાવરણ એટલે શું તેમાં શું શું હોય ?

પર્યાવરણ વિશે આપણે ઘણું જાણીએ છીએ. તેના શુધ્ધિકરણની વાતો લગભગ દરરોજ સાંભળવા મળે પરંતુ પર્યાવરણ એટલે શું છે. અને તેમાં કઇ કઇ બાબતોનો સમાવેશ થાય તે જાણો છો?

બ્રહમાંડમાં માત્ર પૃથ્વી પર હવાં, વાતાવરણ, પાણી, જમીન, અને સજીવ સૃષ્ટિ છે. પૃથ્વીના ત્રણ આવરણ છે. જલાવરણ, મૃદાવરણ અને વાતાવરણ, આ ત્રણે આવરણો એટલે પર્યાવરણ, જલાવરપ એટલે સમુદ્રો, નદીઓ, તળાવ અને હિમશિખરો વરસાદ પૃથ્વી પરનું જળચક્ર સતત ફરતું રાખે છે. વાતાવરણ એટલે હવા અને તેમાંના વાયુઓ તેમાં રહેલો ઓકિસજન સજીવ સૃષ્ટિનો પણ છે. મૃદાવરણ એટલે જમીન સપાટીથી ૩૩ કિલોમીટરની ઉંડાઇ સુધીની જમીન નરમ પોપડો છે. તેમાં નાના મોટાં અળસિયા જેવા જીવજંતુઓ અને બેકટેરીયા રહે છે. તેમાં જ વનસ્પતિના બીજ અંકુરીત થઇ વૃક્ષો ઉગે છે અને ખેતી થાય છે.

ભારતીય નાણાનું રૂપિયો નામ કેમ પડયું

બહુ જુના સમયમાં પૈસા નહોતા પરંતુ પોત પોતાની વસ્તુની અદલા બદલી કરી લેતાં કપડાંની જરૂર હોય તો અનાજ કે કોઇ બીજી વસ્તુના બદલામાં મેળવી, લેવાતા, આ પધ્ધતિને વિનિમય કહેતાં ધીમે ધીમે કીંમતી ધાતુઓ, મોતી વગેરે ચલણમાં આવ્યા અને ત્યાર બાદ સોનું, ચાંદી, તાંબા વગેરે ધાતુઓના સિકકાનું ચલણ બન્યું. ભારતમાં સોના અને ચાંદીના સિકકાનું ચલણ હતું જુદી જુદી ભાષામાં તેના અનેક નામો હતાં. સુવર્ણ મહોર પણ કહેતાં. સિકકા મુખ્યત્વે ચાંદીના બનતાં, ચાંદીને રૂપુ પણ કહે છે. રૂપા ઉપરથી ચાંદીના સિકકાનું રૂપિયો નામ પડયું અને આજે કાગળની નોટને પણ રૂપિયો નામ મળ્યું.

બીજા પક્ષીઓને લૂંટી લેનારા ચાંચિયા : ફ્રિગેટ બર્ડ

મોટા શિકારી પક્ષીઓ નાના પક્ષીઓનો શિકાર કરે પરંતુ અહિંસક પક્ષીઓ મોટે ભાગે સંપીને રહેતા હોય છે, બીજા પક્ષી પર હુમલો કરી તેનો ખોરાક ઝુંટવી લેવાની વૃતિ ધરાવતા પક્ષીઓ પણ જોવા મળે તેમાં દક્ષિણ આફ્રિકાના ફ્રિગેટ બર્ડ વિખ્યાત છે.

દરિયાકિનારે રહેતા ફ્રિગેટ બર્ડ બીજા પક્ષીની ચાંચમાંથી ખોરાક ઝૂંટવી લેવામાં નિષ્ણાંત છે. લાંબી પાંખ અને લાંબી પૂંછડી વાળા આ પક્ષીનું પેટ લાલ રંગના બલૂનની જેમ ફૂલેલું હોય છે, શરીર પર કાળા રંગના પીછા હોય છે, વિચિત્ર દેખાવના આ પક્ષીની પાંખ બે મીટર જેટલી ફેલાય પરંતુ તે ઉડી શકતા નથી કે જમીન પર સરખું ચાલી શકતા પણ નથી. તે ઝાડની નીચેની ડાળી પર ગમે તેવો માળો બાંધી લે છે. બધી રીતે નબળા આ પક્ષી વિચિત્ર દેખાવને કારણે ઝૂ માં આકર્ષણનું કેન્દ્ર બને છે. આ પક્ષી છીછરા પાણીમાંથી માછલીનો શિકાર કરે છે. તે ઉપરાંત બગલા જેવા પક્ષીઓની ચાંચમાંથી ઝડપ મારીને શિકાર ઝૂંટવી લે છે.

હું ફિટ તો ઈન્ડિયા હિટ

હોકીના મહાન અને વિશ્વવિખ્યાત ખેલાડી મેજર ધ્યાનચંદના જન્મજયંતી પ્રસંગે, 'નેશનલ સ્પોર્ટસ ડે' પર ઈંદિરા ગાંધી સ્ટેડિયમ, નવી દિલ્હીમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને રમતગમત મંત્રીશ્રી કિરણ રિજ્જુ, સ્વાસ્થ્ય મંત્રીશ્રી હર્ષવર્ધન ખ્યાતનામ હસ્તીઓ તથા નેશનલ સ્પોર્ટસ એવોર્ડ વિનર્સની હાજરીમાં રંગારંગ કાર્યક્રમ યોજી 'ફિટ ઈન્ડિયા' અભિયાન શરૂ કરવામાં આવ્યું આ અભિયાનનો મુખ્ય ઉદેશ્ય લોકો રમતગમતમાં ભાગ લેવા પ્રેરિત થાય અને શારીરિક પ્રવૃતિઓ દ્વારા વ્યસત અને મસ્ત રહી તંદુરસ્ત રહે તે છે. આ પ્રસંગે એક દિવ્ય અને ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં ભારતીય સંસ્કૃતિની મહાન પરંપરાઓ, રમતો લોકનૃત્યો, રોજિંદી પ્રવૃતિઓ વગેરેના નિર્દશન દ્વારા સ્વાસ્થ્યનું મહત્વ સમજાવીને તંદુરસ્ત રહેવાનો સંદેશો પાઠવવામાં આવ્યો.

માનનીય વડાપ્રધાનશ્રીએ તેઓના માનનીય વકતવ્યમાં મેજર ધ્યાનચંદે ફિટનેસ, સ્ટેમીના અને હોકીસ્ટીકથી દુનિયાને મંત્રમુગ્ધ કરી દીધા ખેલમંત્રાલય અને યુવાવર્ગને અભિનંદન આપી કહ્યું કે હેલ્ધી ઈન્ડિયાની દિશામાં 'ફિટ ઈન્ડિયા મુવમેન્ટ' એક મહત્વનું કદમ બની રહેશે. 'ફિટ ઈન્ડિયા મુવમેન્ટ' જન આંદોલન બને એવી આશા વ્યકત કરી. 'નેશનલ સ્પોર્ટસ ડે' યુવા ખેલાડીઓને અભિનંદન આપવા તથા તેમને બિરદાવવા માટે છે, જેઓ નિરંતર દુનિયાના મંચ ઉપર તિરંગાની શાનને નવી બુલંદી આપે છે. યુવા ખેલાડીઓને જીતેલા મેડલ્સ તેમની તપ અને તપશ્ચર્યાનું પરિણામ તો છે સાથેસાથે નવા ભારતના જોશ અને આત્મવિશ્વાસનું પ્રતિક છે.

આપણા પૂર્વજોએ અને શાસ્ત્રોએ વારંવાર કહ્યું છે -
વ્યાયામાત્ લભતે સ્વાસ્થ્યમ્ દીર્ઘાયુષ્યમ્ બલમ સુખમ્ ।
આરોગ્યં પરમં ભાગ્યમ્ સ્વાસ્થ્યં સર્વાર્થ સાધનમ્ ॥

અર્થાત્ વ્યાયામથી જ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય, બળ અને સુખ મળે છે.

સમય જતાં સ્વાસ્થ્યની પરિભાષા બદલાઈ ગઈ. પહેલાં શીખવવામાં આવતું હતું કે સ્વાસ્થ્યથી જ બધાં કાર્યો સિદ્ધ થાય છે. ફિટનેશ આપણા જીવનની રહેણીકરણીનું અભિન્ન અંગ રહ્યું છે. પરંતુ આજે ફિટનેસને લઈને ઉદાસીનતા આવી છે.

થોડાક દાયકા પહેલાં વ્યકિત રોજ આઠ-દસ કિલોમીટર ચાલતો, સાઈકલ ચલાવતો, બસ પકડવા દોડતો પરંતુ ટેક્નોલોજીના આગમનથી આધુનિક સાધનોના લીધે વ્યકિતનું ચાલવાનું લગભગ બંધ થઈ ગયું. શારીરિક પ્રવૃતિ બંધ થઈ ગઈ, આજે એ હાલત થઈ ગઈ છે કે આપણે કેટલા સ્ટેપ્સ ચાલ્યા તે મોબાઈલ બતાવે છે.

આજે આપણે દૈનિક જીવનમાં એટલા બધા મશગુલ થઈ ગયા છીએ કે ફિટનેસ પર ધ્યાન જ આપતા નથી. આજે આપણે ડાઈનીંગ ટેબલ પર બેસીએ છીએ, ભરપૂર ખાઈએ છીએ અને અને પછી વાત ડાયટીંગની કરીએ છીએ ? ફિટનેસ માટેનાં સાધેના અને જીમ ધરાવીએ છીએ ? ફિટનેસનાં સાધનો છેવટે સ્ટોરરૂમમાં ધૂળ ખાય છે. મોબાઈલમાં ફિટનેસ એપ્સ રાખીએ છીએ અને છેવટે તે જોતા જ નથી.

પહેલાંના સમયમાં ડાયાબીટીસ, હાઈપર ટેન્શન અને હાર્ટએટેક જેવા રોગો પચાસ-સાઈઠ વર્ષે થતાં. જયારે આજે પંદર વર્ષના બાળકને પણ ડાયાબીટીસ થાય છે અને ૨૫-૩૦ વર્ષના યુવાનને પણ હાર્ટએટેક આવે છે. આ સ્થિતિ ચિંતાજનક છે. જીવનશૈલીની અનિયમિતતા 'Life Style Disorder' ના કારણે આ બિમારીઓ થાય છે. આપણી જીવનશૈલી બદલવાથી બિમારીઓથી બચી શકાય છે. 'ફિટ ઈન્ડિયા મુવમેન્ટ' કેવળ સરકારી મુવમેન્ટ બની ન રહેતા તે પ્રત્યેક પરિવારનો ચર્ચાનો વિષય બનવાં જોઈએ. વેપારીઓ જેમ વેપારનું ચિંતન અને ચર્ચા કરે, મા-બાપ તેમનાં બાળકોનાં ભણતરની ચિંતા અને ચિંતન કરે બસ તેમજ ફિટનેસ રોજબરોજની ચર્ચાનો વિષય બનવો જોઈએ.

દેશમાં થોડાક લોકો નહીં પરંતુ આખો દેશ ફિટ રહે તો જ દેશને ફાયદો થાય છે. નવા ભારતનો પ્રત્યેક નાગરિક ફિટ રહે અને પોતાની ઊર્જા બિમારીઓના ઈલાજમાં નહીં પરંતુ દેશને આગળ વધારવામાં વાપરે તે માટે આહ્વાન કરવુ જોઈએ.

ફિટનેસ માટે પણ એક ઝનૂન અને ઈચ્છાશકિતની એટલી જ જરૂર છે. સફળતા અને ફિટનેસ એકબીજા સાથે જોડાયેલા હોય છે. ફિટનેસ તરફ ધ્યાન આપવાથી શરીરને સમજવાનો મોકો મળે છે. આપણે સામાન્ય રીતે આપણી તાકાત અને કમજોરીને ઓછું જાણીએ છીએ. શરીરની શકિતને જાણવાથી આપણો આત્મવિશ્વાસ વધે છે.

''ફિટનેસમાં ઈન્વેસ્ટમેન્ટ (રોકાણ) ઝીરો છે અને રીટર્ન અસિમિત છે.''



બ્રહ્માકુમારીઝ અંજુદીદી દ્વારા બાળકોને આજના સમયમાં શિક્ષણની સાથે ધ્યાનનું મહત્વ સમજાવી આધ્યાત્મિક પ્રગતિ તેજસ્વી શૈક્ષણિક પરિણામ મેળવે તથા જીવન જીવવા માટેના ઉચ્ચ મૂલ્યોને પ્રાપ્ત કરે તેવી માહિતી આપવામાં આવેલ હતી.

શાળામાં પ્રાથમિક વિભાગમાં હેલ્ધી સલાડ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના કોમર્સ વિભાગના વિદ્યાર્થીઓ માટે આર.કે. યુનિર્વસીટીના કેમ્પસની મુલાકતનું આયોજન કરવામાં આવેલ હતું.

કલામહાકુંભ

રાજયસરકાર દ્વારા આયોજિત શહેર કક્ષાની
કલામહાકુંભ સ્પર્ધામાં શાળા વિદ્યાર્થીઓ ગાયન સ્ર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

બેંક વિઝીટ

શાળાના કોમર્સ વિભાગના વિદ્યાર્થીઓ માટે પંજાબનેશનલ બેંકની
મુલાકતનું આયોજન કરવામાં આવેલ હતું.

Dental Hygienist – Sweet Enough To Make You Smile, Skilled Enough To Protect It !

શાળાના કે.જી. અને પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે કોસ્મો ડેન્ટના સહયોગથી ડેન્ટલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

એન્જોય એકઝામ

Merry Christmas

પંચશીલ સ્કૂલ

ઉપરના સોશિયલ મીડિયા આઈકન ઉપર ક્લીક કરી આપણી સ્કુલ સાથે કનેક્ટ થઈએ